# દેશમાં કોરોનાના નવા ૨૩ હજાર કેસ

## કુલ કેસો વધીને ૭.૪૩ લાખ, અત્યાર સુધી ૨૦,૬૫૩ના મોત

ન્યુ દિલ્હી,તા.૮

કોરોના વાઈરસ હવાથી પણ ફેલાય છે એવા ૨૦૦ કરતાં વધારે વિજ્ઞાનીઓના દાવાને વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યુએચઓ)ના સમર્થનના પગલે આ રોગના સક્રમણ સામે વધુ અસરકારક રણનીતિના વૈશ્વિક મંથન વચ્ચે ભારતમાં કોરોનાના કેસો અનરાધાર વરસાદની જેમ વધી રહ્યાં હોય તેમ સતત પાંચમા દિવસે ૨૦ હજાર કરતાં વધારે અને છેલ્લાં ૨૪ કલાકમાં ૨૩,૧૩૫ જેટલા કેસો નોંધાયા હતા. આ સાથે વધુ ૪૮૨ લોકોના મોત થયા હતા. અનલોક-૨માં અપાયેલી વધુ છૂટછાટને કારણે કેસો વધ્યા હોવાના અનુમાન વચ્ચે જ્યાં સૌથી વધારે કેસો નોંધાયા તે મહારાષ્ટ્ર મુંબઈમાં આજે ૮ જુલાઈથી લોકડાઉનના નિયમોના પાલન સાથે હોટલ અને લોજ ખૂલ્લા મૂકાયા હતા.. જો કે રેસ્ટોરન્ટ બંધ રહેશે. જો કે એક સારી બાબત સમાન હવે કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ દિવસેને દિવસે વધી રહી છે. આ સાથે જ ભારત દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું કે, હરિયાણાના ફરીદાબાદમાં પહેલી પ્લાઝ્મા બેન્ક શરૂ કરાશે.

આજે બુધવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરવાની પરંપરા અનુસાર આજે સવારે જાહેર કરાયેલા આંકડા જોતાં દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા હવે વધીને ૭ લાખ ૪૩ હજાર ૪૮૧ થઈ ગઈ છે. આ સાથે જ મહારાષ્ટ્રમાં બુધવારે લોજ અને હોટલ ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી. સરકારે ૩૩% સ્ટાફ સાથે ખોલવાની મંજૂરી આપી દીધી છે. સાથે જ ગાઈડલાઈન્સ પણ નક્કી કરાઈ છે. જો કે, હાલ રેસ્ટોરન્ટ પર પ્રતિબંધ ચાલું રહેશે.

આંકડાકિય માહિતી જોઈએ તો કુલ કેસ વધીને ૭,૪૩,૪૮૧ થયા છે. સારવાર હેઠળના સક્રિય કેસ વધીને ૨ ૨,૬૫,૬૭૦ અને સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૪,૫૭,૦૫૮ થઈ છે જ્યારે મૃત્યુઆંક વધીને ૨૦,૬૫૩ પર પહોંચ્યો છે.

### ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન સેલ્ફ ક્વોરન્ટાઈન થયા

સમગ્ર દેશમાં જીવલેણ કોરોના વાયરસનો કહેર યથાવત છે. ત્યારે ઝારખંડનાં મુખ્યમંત્રી હેમંત સોરેન સેલ્ફ ક્વોરન્ટાઈન થયા છે. સીએમ આવાસ-કાર્યાલયને સીલ કરવામાં આવ્યું છે, અને આ તમામ ક્ષેત્રનો સેનિટાઈઝન અને આઈસોલેટ કરવામાં આવી રહ્યું છે. શ્રમ મંત્રી સત્યાનંદ ભોક્તાએ પણ પોતાને હોમ ક્વોરન્ટાઈન કર્યા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૨૦૩૫૬૬૧ | ૫૪૮૪૩૪ | ૬૫૯૨૧૩૨ |
| ભારત | ૭૬૩૭૮૨ | ૨૧૦૭૯ | ૪૭૦૭૮૦ |
| ગુજરાત | ૩૮૪૧૯ | ૧૯૯૫ | ૨૭૩૧૩ |
| ગાંધીનગર | ૮૮૨ | ૫૯ | ૫૭૩ |

# રાજ્યમાં કોરોના અનરાધાર, નવા ૭૮૩ કેસ

## રાજ્યમાં ૧૬ દર્દીના મોત : રાજ્યમાં એક્ટીવ કેસ ૯૦૦૦ને પાર ૯૧૧૧ થયા : કુલ સંક્રમિતોનો આંક ૩૮ હજારને પાર, કુલ મૃત્યુ ૧૯૯૫

ગાંધીનગર,તા.૮

રાજ્યમાં સતત પાંચમા દિવસે કોરોના પોઝીટીવ કેસ ૭૦૦ ને પાર થઈ ૭૮૩ નોંધાયા છે.આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૮ હજારને પાર થઈ ૩૮૪૧૯ થયો છે.રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૬ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૯૯૫ થયો છે.રાજ્યમાં આજે ૫૬૯ દર્દીઓને ડીસ્ચાર્જ કરાતા કુલ ડીસ્ચાર્જ થવાનો આંકડો ૨૭ હજારને પાર થઈ ૨૭૩૧૩ થયો છે.જેમાં ૬૯ દર્દીઓ વેન્ટીલેટર ઉપર અને ૯૦૪૪ દર્દી સ્ટેબલ છે.રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮૦૩૪ ટેસ્ટ કરવામાં આવતા ૭૮૩ દર્દીઓ કોરોનાના નોંધાયા હતાં.સતત પાંચ દિવસ થી ૭૦૦ ને પાર આવતા કેસોને લીધે કોરોનાના પાંચ દિવસમાં ૩૬૦૦ થી વધુ કેસ નોંધાયા હતાં. જે આરોગ્ય ની ગંભીર સ્થિતિ હોવાનું જણાવી રહ્યું છે. રાજ્યમાં આજે કોવિડના કારણે ૧૬ મૃત્યુ થયા હતાં.જેમાં અમદાવાદ કોર્પોરેશન-૫,સુરત કોર્પોરેશન-૩ અને ગ્રામ્યમાં -૨,રાજકોટ કોર્પોરેશન-૩,અમરેલી જામનગર અને મોરબીમાં ૧-૧ મોત નોંધાયા છે.અમદાવાદ શહેરમાં-૧૪૯ અને ગ્રામ્યમાં ૭ સાથે ૧૫૬ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે.આ સાથે શહેરમા કોરોનાથી કુલ સંક્રમિતોનો આંકડો ૨૨૪૧૮ થયો છે.શહેરમાં વધુ ૫ મોત થયા હતાં.મૃત્યુઆંક ૧૫૦૦ ને પાર થઈ ૧૫૦૧ થયો છે.સુરત શહેરમાં આજે વિક્રમી ૨૭૩ કેસ નોંધાયા હતાં .જેમાં સુરત શહેરના ૨૧૫ અને ગ્રામ્યના ૫૮ કેસોનો સમાવેશ થાય છે.આ સાથે સુરતમાં કોરોનાથી કુલ સંક્રમિતોનો આંકડો ૬૭૩૧ થયો છે. આજે વધુ ૫ મોત થતા ૧૯૬ કુલ મોત સુરતમાં થયા છે. વડોદરા શહેર ૪૪ અને ગ્રામ્યમમાં ૧૨ અને કુલ ૬૭ કોરોના પોઝીટીવના ૨૪ કલાકમાં કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમીતનો કુલ ાંકડો ૨૭૬૮ થયો છે. ગાંધીનગર કોર્પોરેશનમાં ૮ અને ગાંધીનગર શહેર ૧૧ સાથે કુલ ૧૯ દર્દી કોરોનાના નોંધાયા છે. આ સાથે ગાંધીનગરમાં કુલ સંક્રમીતનો ાંકડો ૭૭૩ થયો છે. રાજ્યના ૮ કોર્પોરેશન્ ને ૩૦ જિલ્લામાં કોવિડ-૧૯ના કેસો નોંધાયા છે. જેમાં રાજકોટ કોર્પોરેશનમાં ૨૬ અને જિલ્લામાં ૧૩ સાથે ૩૯ કોરોનાના કેસો થયા છે. વલસાડમાં ૨૭ કેસો નોંધાયા છે. દાહોદમાં ૧૮, ભરુચ અને સુરેન્દ્રનગરમાં ૧૬-૧૬ મહેસાણા અને બનાસકાંઠામાં ૧૫-૧૫, નવસારી ૧૪, ભાવનગર કોર્પોરેશનમાં ૧૨ અને ભાવનગરમાં ૭ કેસ, ખેડા ૧૧, કચ્છ ૧૦, જામનગર કોર્પોરેશન ૮ અને જામનગરમાં ૧, સાબરકાંઠા અને અમરેલીમાં ૭-૭, જુનાગઢ કોર્પોરેશન ૭ અને જુનાગઢમાં ૪ કેસ, આણંદ ૫, પાટણ, મહીસાગર, નર્મદા અને ગીર સોનાથ ૪, મોરબી અને ડાંગ ૩-૩, અરવલ્લી ૨, પંચમહાલ, બોટાદ, છોટાઉદેપુર અને તાપીમાં ૧ કોરોનાના કેસ ૨૪ કલાકમાં નોંધાયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૩૩૮૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજની તારીખે કુલ ૨૮૯૦૫૧ વ્યક્તિોને ક્વોરેન્ટીન કરવામાં આવ્યા છે જે પૈકી ૨૮૫૭૦૭ વ્યક્તિો હોમ ક્વોરન્ટાઈન છે અને ૩૩૪૪ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૨૪૧૮ | ૧૫૦૨ | ૧૭૩૬૩ |
| સુરત | ૬૭૩૧ | ૨૦૨ | ૪૨૬૫ |
| વડોદરા | ૨૭૬૮ | ૫૧ | ૨૦૦૮ |
| રાજકોટ | ૫૦૯ | ૧૬ | ૧૬૬ |
| ભાવનગર | ૪૧૩ | ૧૩ | ૧૯૩ |
| કચ્છ | ૨૧૯ | ૦૬ | ૧૨૧ |
| મહેસાણા | ૩૬૯ | ૧૩ | ૧૬૮ |
| ગીર-સોમનાથ | ૯૮ | ૦૧ | ૫૦ |
| પોરબંદર | ૨૧ | ૦૨ | ૧૬ |
| પંચમહાલ | ૨૨૧ | ૧૬ | ૧૬૧ |
| પાટણ | ૨૫૮ | ૧૭ | ૧૫૩ |
| છોટાઉદેપુર | ૬૭ | ૦૨ | ૫૧ |
| જામનગર | ૨૯૮ | ૦૮ | ૧૫૮ |
| મોરબી | ૫૧ | ૦૩ | ૨૦ |
| સાબરકાંઠા | ૨૧૯ | ૦૮ | ૧૩૩ |
| આણંદ | ૨૬૧ | ૧૩ | ૨૨૭ |
| દાહોદ | ૧૦૩ | ૦૧ | ૫૧ |
| ભરૂચ | ૩૪૫ | ૧૦ | ૧૬૩ |
| બનાસકાંઠા | ૨૭૯ | ૧૩ | ૧૮૫ |
| ખેડા | ૨૪૦ | ૧૩ | ૧૪૫ |
| બોટાદ | ૧૦૬ | ૦૩ | ૭૩ |
| નર્મદા | ૧૦૦ | ૦૦ | ૮૮ |
| અરવલ્લી | ૨૩૫ | ૨૨ | ૧૯૭ |
| મહીસાગર | ૧૬૫ | ૦૨ | ૧૧૮ |
| નવસારી | ૧૮૦ | ૦૨ | ૮૪ |
| તાપી | ૨૯ | ૦૦ | ૦૯ |
| વલસાડ | ૨૭૭ | ૦૫ | ૯૪ |
| જૂનાગઢ | ૨૦૯ | ૦૪ | ૬૭ |
| સુરેન્દ્રનગર | ૨૨૭ | ૦૮ | ૧૧૪ |
| દેવભૂમિ દ્વારકા | ૨૮ | ૦૩ | ૧૮ |
| ડાંગ | ૦૭ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૧૮ | ૦૯ | ૬૬ |
| કુલ | ૩૮૪૧૯ | ૧૯૯૫ | ૨૭૩૧૩ |

### ૨૦ કેસ નોંધાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકાના પરબતપુરામાંથી આજે વધુ બે વ્યક્તીના તેમજ ૧ પુંધરાની વ્યક્તીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાંથી રોકેટ ગતિએ કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ કરવા સહિત ફાસ્ટ ટ્રેકીંગ માટે અધિકારીઓને સૂચના આપી છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા ડેથરેટ અંગે પણ તંત્રની ચિંતામાં વધારો થયો છે. જિલ્લામાં સેમ્પલ કલેક્શન વધારવાની સૂચનાઓ પણ અપાઈ છે. અત્યાર સુધીમાં ૪ હજારથી વધુ લોકોના નમૂના મેળવી અને તેની ચકાસણી કરવામાં આવી છે. ગ્રામીણ વિસ્તારના કેસોની સંખ્યા ૬૦૦ની નજીક પહોચવા આવી રહી હોવાથી તંત્રમાં પણ દોડધામ વધી જવા પામી છે.

### નવા ૮ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૪-સી માં રહેતા અને કલેક્ટર ઓફ ઈલેક્ટ્રીસીટીમાં સીનીયર ક્લાર્ક તરીકે ફરજો બજાવતા એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. થર્મલ પાવર સ્ટેશનમાં ઓપરેટર તરીકે નોકરી કરતા અને જીઈબી કોલોનીમાં રહેતા એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. બોરીજમાં રહેતા અને મજૂરી કામ કરતા એક ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૫ માં રહેતા અને જુના સચિવાલયમાં ઓપરેટર તરીકે નોકરી કરતા એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન બ્લોક નં. ૫ માં જ નોકરી કરે છે. તેણે તંત્રને લેખિત બાંહેધરી આપી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તેને મંજૂરી આપી છે. આ દર્દીના પરિવારમાં ૪ સભ્યો છે તેમને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. તંત્રએ આજે આ દર્દીઓના રહેઠાણ અને તેના આસપાસના વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા ઉપરાંત સેનીટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી છે. શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તે જોતાં તંત્રની કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકા વધુ દૃઢ બની રહી છે. શહેરમાં કોરોનાના સંક્રમણને નાથવા માટે આગામી દિવસોમાં કડક પગલાં લેવાય તેવા સંકેતો મળી રહ્યા છે.

### વરસાદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે તંત્રએ હવે સફાઈ અને દવા છંટકાવ માટે કામે લાગવાની અનિવાર્યતા હોવાનો સુર પણ નાગરિકો ઉઠાવી રહ્યા છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના અંતે વરસાદી પાણીનો ભરાવો થતા કેટલાક ઠેકાણે માટી પોલાણ પણ થયુ છે. શહેરમાં આજે બપોરે એક કલાકના વરસાદી ઝાપટાના અંતે ૧૨ મી મી વરસાદ વરસ્યો હતો. અડધા ઈંચ વરસાદના લીધે શહેરમાં ચોમાસાની મોસમે જમાવટ કરી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. શહેરમાં સિઝનનો સાડા છ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે જિલ્લામાં પણ વરસાદની મોસમ નિખરી છે. ગાંધીનગર જિલ્લામાં સિઝનનો કુલ ૧૯.૨૯ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં ૩૧.૯૯ ટકા વરસાદ થયો છે.

### એન્કાઉન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્યો હતો. આ ઘટનામાં ૮ પોલીસકર્મી શહીદ થયા હતા. જેના પછી આ વિકાસ ગેંગની શોધ ચાલી રહી હતી. અમર પર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. એવું બતાવવામાં આવી રહ્યું છે કે અમર દુબે હમીરપુરના મૌદહા વિસ્તારમાં આવેલ તેના કોઈ સંબંધીના ઘરે આશરો લેવાના હેતુથી આવ્યો હતો.

આ પહેલા અમરે હરિયાણાના ફરીદાબાદમાં આશરો લીધો હતો. અમર દુબેની મૂવમેન્ટ બાદ એસટીએફે તેને સરેન્ડર કરવા કહ્યું હતું. આ દરમિયાન દુબેએ ત્યાંથી ભાગવાની કોશિશ કરી પરંતુ તે નિષ્ફળ રહ્યો અને પોલીસ પર ગોળીબાર કર્યો. ક્રોસ ફાયરિંગમાં પોલીસે તેને ઢેર કર્યો. એવું બતાવવામાં આવી રહ્યું છે કે ૨ જુલાઈની રાત્રે જ્યારે વિકાસ દુબેના ઘરે પોલીસ દરોડા પાડવા ગઈ ત્યારે અમર દુબે પણ ત્યાં હાજર હતો. પોલીસ પર ફાયરિંગ કરવા અને તેમની હત્યા કરવામાં અમર શામેલ હતો. આ ઘટના બાદ અમર વિકાસ સાથે ભાગી ગયો હતો. અમર વિકાસના સૌથી અંગત અને વિશ્વાસુ સાથીઓમાંથી એક હતો.

જો કે, હાલ પર વિકાસ પોલીસની પકડથી દૂર છે. તેની શોધમાં યુપી પોલીસે પશ્ચિમ યુપીના તમામ જિલ્લાઓમાં બાજ નજર રાખી છે. વિકાસની શોધ માટે વેસ્ટ યુપી અને બુંદેલખંડના અમુક વિસ્તારોમાં એસટીએફ ટીમોની તૈનાતી કરી છે. આ સિવાય દિલ્હી અને હરિયાણાની દરેક એવી કોર્ટ પર નજર રાખવામાં આવી રહી છે.



### ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં એકા એક પલટો આવ્યો હતો અને ધનસુરામાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસ્યો હતો. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જેને લઈને રોડ પર પાણી ભરાયા હતા. રોડ પર પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ધનસુરામાં સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે ધનસુરામાં ત્રણ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. જેને લઈને ખેડૂતોને ખેતીમાં ફાયદો થશે. મગફળી, મકાઈ સહિતના પાકોને ફાયદો થશે. જેથી ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

### તુતુ-મેમે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંગઠ્ઠન દ્વારા પણ સમસ્યાઓના ઉકેલ માટે તંત્રને કોઈ સૂચનો કે રજુઆતો પ્રશ્નોની કરાતી નહિ હોવાની વાતો પણ આ બેઠકમાં ચર્ચામાં આવી હતી. સંગઠ્ઠનને કામ કરતુ કરવામાં નહિ આવતુ હોવાની અને સંગઠ્ઠન લોકસંપર્ક વિહોણુ બન્યાની વાત પણ ચર્ચાઈ હતી.

આ બેઠકમાં એક-બે નેતાઓ વચ્ચે તો ખુબ ઉગ્રતાથી બોલાચાલી થતાં મંત્રી પણ ચોંકી ઉઠ્યા હતા.

મેયરે વહીવટીતંત્ર દ્વારા તમામ પગલાંઓ કોરોનાના સંદર્ભે લેવાયા હોવાનું તેમજ સ્થાયી સમિતિના સભ્યોની ચાલતી મનમાની સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

પ્રભારી મંત્રીએ સૌને સાથે રાખી સહિયારો નિર્ણય લેવાની પક્ષની પ્રથા અને પરંપરાનો પાઠ આ બેઠકમાં સૌને ભણાવ્યો હતો.

તેમણે એકતાનો એકડો ઘૂંટવાની સલાહ આપી પ્રજાભિમુખ કામોને અગ્રતા આપવા પર ભાર મુક્યો હતો. તેમણે નવા વિસ્તારોમાં સંપર્ક અભિયાન સઘન બનાવવા સાથે શહેરમાં સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખ એક બની અભિયાન હાથ ધરે તેવી પણ કડક સૂચના આપી હતી.

વહીવટીતંત્રમાં વહીવટીય પાંખને વહીવટીય નિર્ણયો લેવાની સત્તા છે તે વાત યાદ કરાવી સૌને સંતોષ થાય તેવા નિર્ણયો લેવા તેઓ જરૂરી માર્ગદર્શન આપશે તેવી હૈયાધારણ આપી હતી.

ગાંધીનગરના મતભેદોથી હવે પ્રદેશ મોવડીમંડળ પણ વાજ આવી ગયુ હોવાનું મનાઈ રહ્યું છે.

### સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પી. પી. સ્વામી વેન્ટિલેટર પર

મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ કોરોના સંક્રમણને કારણે તેમના ફેફસામાં ઈન્ફેક્શન વધી જતા તેઓને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. પીપી સ્વામી મહારાજને જૂનના છેલ્લા સપ્તાહમાં કોરોનાનુ ઈન્ફેક્શન લાગ્યું હતું. ફેફસાંમાં ઈન્ફેક્શન વધી જતા તેઓને મંગળવારે વેન્ટિલેટરના સપોર્ટની જરૂર પડી હતી. આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામી મહારાજની તબિયતમાં સુધારો થાય તે માટે વિશ્વના શ્રી સ્વામિનારાયણ ગાદી હસ્તક મંદિરોમાં ધૂન-પ્રાર્થના કરવામાં આવી રહી છે. ગાદી સંસ્થાનના અન્ય સાતથી વધુ સંતો પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે.

### લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)

મિત્રો, પરિવાર, સમાજ વચ્ચે સમય પસાર કરતા બાળકના ચિત્ત પર જાણે-અજાણ્યે મા-બાપના વર્તન-વ્યવહારો, રહેણીકરણી, વાતચીત દ્વારા વિચારો, માન્યતાઓ અને ગ્રંથિઓ બંધાતી હોય છે, માટે સ્વસ્થ માનસ ઘડતર માટે મા-બાપે ખૂબ જ કાળજી અને દક્ષતા રાખવી પડે.

પિતાજી લખી-વાંચી શકતા ને મા સાવ અભણ છતાં એમના વર્તન વ્યવહારોને જીવન પારદર્શી હતા. ગામડાનું નિર્દતી પ્રાકૃત જીવન, માની કરકસરને કઠોર મહેનત, પિતાજીની પરગજુ વૃત્તિને દેશી ઓશડિયાં થકી માણસ અને પશુ સેવાની નિઃસ્વાર્થ ભાવનાની સુવાસ આજેય મહેંકે છે. આવા ઉમદા વારસાના ટેકે ટટ્ટાર ઊભા છીએ !!!

- : સ્પર્શમણિ :-

બાપ બોલીએ તો હોઠ બંધ થાય ને મા બોલીએ તો હોઠ ખુલી જાય,

બસ આ શ્વાસનું આવન જાવન એ જ મા-બાપ.

●●●

આ મહામારીમાં માણસથી દૂર રહો, માણસાઈથી નહીં...!!

### મનના ઉમંગો (પાના નં. ૪ નું ચાલુ)

અત્યારે કોરોનાના રોજ જાતજાતના સર્વે ચાલે છે એમાં કેટલા વિદ્યાર્થીઓના ઘેર સ્માર્ટ ફોન છે તેની વિગતો પણ ઉમેરી દેવા જેવી છે. જો કે સરકારને તો પૂર્ણ વિશ્વાસ છે રાજ્યની એકધારી પ્રગતિને કારણે હવે દરેક વિધાર્થી પાસે સ્માર્ટફોન આવી ગયા છે.

ખબર નથી પડતી કે આ કોરોનાનો કેર કેમ યથાવત છે.

એક તો આપણને પાડોશીઓ ય ભારે વિચિત્ર મળ્યા છે. એક બાજુ પાકિસ્તાન દિવસ ઊગે ને બે ત્રણ આતંકવાદીઓને ભારતમાં મરવા મોકલી દે છે. બીજી બાજુ ચીન જંપવા દેતું નથી. ક્યાંક રસ્તો બાંધવા માંડે છે તો ક્યાંક આપણી સરહદમાં એના સૈનિકો ઘુસી જાય છે. પહેલાં તો દસ-પંદર દિવસે આવા સમાચારો આવતા હતા પણ પાંચમી જુને ચીન સાથેની અથડામણમાં ભારતના વીસ સૈનિકો મરી ગયા પછી વાતાવરણ તંગ થઈ ગયું છે. હમણાં તો કાયમ આ બાબતના જ સમાચાર અને ફોટા સમાચારમાં આવવા માડ્યા છે. વડાપ્રધાનશ્રીએ જાહેર પ્રવચનમાં જણાવ્યું છે ચીનના સૈનિકો ભારતની ધરતી પર આવ્યા નથી. અરે પોતે સરહદ પર જઈ સૈનિકોનો જુસ્સો વધારી આવ્યા છે. પણ વીસ સૈનિકોની શહીદી અનેક સવાલો ખડા કરે છે. છેલ્લા સમાચાર મુજબ ચીન બે કિલોમીટર પાછા હઠવા તૈયાર થયું છે. મને તો જ્યારે જ્યારે આ ફોટાઓ જોઉં છું ત્યારે જિનપીંગ સાથે ઝૂલે ઝૂલતા વડાપ્રધાન દેખાય છે. મનમાં થાય છે કે હવે આપણા વડાપ્રધાન જિનપીંગને પહેલાંની જેમ ઉમળકાથી ભેટી શકે ખરા ? હવે મળે ત્યારે ભલે ભેટે નહીં પણ ચીને કઈ રીતે કોરોનાને કાબુમાં કર્યો એ પૂછે તો સારું.

પણ ખરી વાત એ છે કે કોરોનાનો કેર સહેજે કમ થતો નથી.

કોરોનાએ વિશ્વના લોકોને તો ઝપટમાં લીધા સાથોસાથ જેમણે કદી કોરોનાનું નામ પણ સાંભળ્યું ન હતું અને જેમને કદી કોરોના થવાનો નથી એ દેવી-દેવતાઓને પણ ઝપટમાં લઈ લીધા છે. પૂરા ત્રણ મહિના કરતા વધારે સમય આ દૈવી મૂર્તિઓને લોકમાં રહેવું પડ્યું. સાધુ સંતો અને ટ્રસ્ટીઓને કેટલું નુકશાન થયું હશે એની આપણને કેવી રીતે ખબર પડે ? આઠમી જુનથી સરકારે દેવસ્થાનોને લોકડાઉનમાંથી મુક્તિ આપી છે. મંદિર ખુલ્યાં છે પણ પ્રસાદ વગરના. હોટલો ખુલી છે પણ ગ્રાહક આવતા નથી . અહીં ગ્રાહક આવે છે પણ પરસાદ મળતો નથી. હજુ બધાં મંદિર ખુલ્યા હોય તેવું લાગતું નથી. ભક્તોને તો માસ્ક પહેરવું પડે છે. પણ પૂજારીઓ મૂર્તિઓને માસ્ક ના પહેરાવે તો સારું. અમે દર પૂનમે લાડોલ, ઊંઝા, બહુચરાજીએ અને મરતોલી દર્શન કરવા જતા હતા. આમ તો બધા મંદિરો ખૂલી ગયાં છે પણ આ વેળા જવાનું ટાળ્યું છે. ચારેય માતાઓને માફ કરવા વિનંતી છે.

રવિવારે ગુરુપૂર્ણિમા હતી. આ વેળા ગુરુઓને શિષ્યોના અને શિષ્યોને ગુરુઓના દર્શનથી વંચિત રહેવું પડ્યું છે. ઘણાઓને ઓનલાઈન દર્શનથી સંતોષ માનવો પડ્યો છે. શિષ્યોને તો થોડોક સંતોષ થાય પણ ગુરુઓને દક્ષિણા વગર કેવી રીતે સંતોષ થાય ? ઓનલાઈન કોઈ ગુરુદક્ષિણા મોકલતું નથી.

ગુરુઓને તો ખબર ના હોય પણ ભગવાનને તો ખબર હશે ને કે કોરોનાનો કેર યથાવત છે.

ચૌદમી તારીખે કચ્છ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભૂકંપ આવી ગયો. કોઈ જાનહાની-માલહાની થઈ નથી. પણ લોકોને છવ્વીસમી જાન્યુઆરી-૨૦૦૧ યાદ આવી ગઈ. ખાસ્સો ગભરાટ ફેલાઈ ગયો. અમે ભૂકંપના સમયે ટીવી જોતા હતા. અમને તો ખબર જ ના પડી. અમને અચાનક યાદ આવી ગયું કે એ ભૂકંપે અનેક લોકોની સથોસાથ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીના મુખ્યમંત્રીપદનો ભોગ લીધો હતો. ત્યારથી નરેંદ્રભાઈ સત્તારૂઢ થયા હતા. અને આજે ભારતના વડાપ્રધાનપદે છે. કદાચ આવતી કાલે વિશ્વના રાજકારણમાં ચાવીરૂપ બની જાય.

પણ આ કોરોનાના તાળાની ચાવી જડતી નથી.

ગુજરાત માટે આટલા પ્રશ્નો ઓછા પડતા હોય તેમ વળી તીડનું આક્રમણ ઘણા સમયથી ચાલી રહ્યું છે. એક દિવસ બનાસકાંઠામાં ત્રાટકે છે તો બીજા દિવસે કચ્છમાં ત્રાટકે છે. લોકો કોની કોની સામે લડે ?

પણ આ બધા વચ્ચે કોરોના દિનપ્રતિદિન કાળો કેર વરસાવી રહ્યો છે. રોજેરોજ નવા આવતા કેસો વધી રહ્યા છે. કુલ આંકડો વધી રહ્યો છે અને સાજા થયેલા લોકોની ટકાવારીના ફિગર પણ વધી રહ્યા છે. શરૂઆતમાં ભારત દસ નંબરમાં ન હતું પણ હવે કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે. અત્યારે ત્રીજો ક્રમાંક મેળવી લીધો છે. ખબર નહીં આ કોરોના ક્યારે જશે ? કોરોના જાય કે ના જાય, રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપે આઠ પાટલી બદલુઓની સહાયથી એક બેઠક ઝૂંટવી લીધી છે.